# ૨૯. ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી વિરચિત
# આરાધના (પુણ્ય પ્રકાશ)નું સ્તવન

( દોહરા )

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીશે જિનરાય;
સદ્‌ગુરુ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧
ત્રિભુવનપતિ ત્રિશલાતણો, નંદન ગુણગંભીર;
શાસનનાયક જગ જયો, વર્દ્ધમાન વડવીર. ૨
એક દિન વીરજિણંદને, ચરણે કરી પ્રણામ;
ભાવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમસ્વામ. ૩

મુક્તિમાર્ગ આરાધિયે, (કહો) કેણિ પેરે અરિહંત;
સુધા સરિસ તવ વચનરસ, ભાખે શ્રીભગવંત. ૪
અતિચાર આલોઇએ, વ્રત ધરિયે ગુરુશાખ;
જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫
વિધિશું વળી વોસિરાવિયે, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬
શુભ કરણી અનુમોદિયે, ભાવ ભલો મન આણી;
અણસણ અવસર આદરી, નવ પદ જપો સુજાણ. ૭
શુભ ગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જિમ પામો ભવપાર. ૮

(ઢાળ પહેલી)

(દેશી : એ છીંડી કિહાં રાખી)

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીરજ, એ પાંચ આચાર;
એહ તણા ઈહભવ પરભવના, આલોઇયે અતિચાર રે,
પ્રાણી ! જ્ઞાન ભણો ગુણખાણી,
વીર વદે એમ વાણી રે. પ્રા૦ જ્ઞા૦ ૧

ગુરુ ઓળવિયે નહિ, ગુરુ વિનયે, કાળે ધરી બહુમાન;
સૂત્ર અર્થ તદુભય કરી સૂધાં,
ભણીએ વહી ઉપધાન રે. પ્રા૦ જ્ઞા૦ ૨

જ્ઞાનોપકરણ પાટી, પોથી, ઠવણી નોકારવાળી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભારે.પ્રા૦ જ્ઞા૦ ૩

ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ;
આ ભવ, પરભવ, વળી રે ભવોભવ,
મિચ્છામિ દુક્કડં તેહ રે.
પ્રાણી ! સમકિત લ્યો શુદ્ધ જાણી. ૪

જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ;
સાધુતણી નિંદા પરિહરજો, ફળસંદેહ મ રાખ રે. પ્રા૦ સ૦ ૫
મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરિયે;
[1]સાહમ્મિને ધર્મે કરી સ્થિરતા,
ભક્તિ પ્રભાવના કરિયે રે પ્રા૦ સ૦ ૬
સંઘ, ચૈત્ય, પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો;
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતાં ઉવેખ્યો રે. પ્રા૦ સ૦ ૭
ઇત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ;
આ ભવ, પરભવ, વળી રે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહ રે.
પ્રાણી ! ચારિત્ર લ્યો ચિત્ત આણી. ૮
પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માંય;
સાધુ તણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચનમનકાય રે. પ્રા૦ ચા૦ ૯
શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી;
ને જયણાપૂર્વક જે આઠે, પ્રવચન માંય ન પાળી રે. પ્રા૦ ચા૦ ૧૦
ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડહોળ્યું જેહ;
આ ભવ, પરભવ, વળી રે ભવોભવ,
મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રા૦ ચા૦ ૧૧
બારે ભેદે તપ નવિ કીધું, છતે જોગે નિજ શક્તે;
ધર્મે મન, વચન, કાયા, વીરજ,
નવ ફોરવિયું ભક્તે રે. પ્રા૦ ચા૦ ૧૨
તપ, વીરજ, આચાર એણીપેરે, વિવિધ વિરાધ્યા જેહ;
આ ભવ, પરભવ, વળી રે ભવોભવ,
મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રા૦ ચા૦ ૧૩

---

૧. સાધર્મીને.

વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ;
વીર જિનેશ્વર-વયણ સુણીને,
પાપ, મેલ સવિ ધોઈયે રે. પ્રા૦ ચા૦ ૧૪

(ઢાળ બીજી)

(દેશી : પામી સુગુરુ પસાય)

પૃથ્વી, પ્રાણી, તેજ રે; વાયુ, વનસ્પતિ, એ પાંચે સ્થાવર કહ્યાં એ,
કરી કર્ષણ આરંભ રે; ખેત્ર જે ખેડિયાં,
કૂવા, તળાવ ખણાવિયાં એ. ૧
ઘર આરંભ અનેક રે; ટાંકાં, ભોંયરાં, મેડી, માળ ચણાવિયાં એ.
લીંપણગૂંપણ કાજ રે; એણી પેરે,
પેરે પેરે પૃથ્વીકાય વિરાધિયાં એ. ૨
ધોવણ, નાવણ, પાણી રે; ઝીલણ, અપકાય,
છોતી, ધોતી કરી દુહવ્યાં એ,
ભાઠીગર, કુંભાર રે; લોહ સોવનગરા,
ભાડભૂંજા લિહારાગરા એ. ૩
તાપણ, શેકણ કાજ રે; વસ્ત્રનિખારણ, રંગણ, રાંધણ રસવતી એ,
એણી પેરે કર્માદાન રે, પેરે પેરે કેળવી, તેઉ વાઉ વિરાધિયા એ. ૪
વાડી, વન આરામ રે; વાવી વનસ્પતિ, પાન, ફૂલ, ફળ
ચૂંટિયાં એ;
પોંક, પાપડી, શાક રે; શેક્યાં, સૂકવ્યાં; છેદ્યાં, છૂદ્યાં
આથિયાં એ. ૫
અલસી ને એરંડ રે; ઘાણી ઘાલીને, ઘણાં તિલાદિક પીલિયાં એ;
ઘાલી કોલુમાંહી રે, પીલી શેલડી; કંદમૂળ ફળ વેચિયાં એ. ૬
એમ એકેંદ્રિય જીવ રે; હણ્યા, હણાવિયા, હણતાં જે
અનુમોદિયા એ;

આ ભવ, પરભવ, જેહ રે, વળી ભવોભવ,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૭

કૃમિ, સરમિયા, કીડા રે; ગાડર, ગંડેલા, ઈયળ, પોરા,અળશિયાં એ;
વાળા, જળો, ચુડેલ રે; વિચલિત રસતણાં વળી અથાણાં
પ્રમુખનાં એ;
એમ બેઈંદ્રિય જીવ રે; જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૮

ઉધેઈ, જૂ, લીખ રે; માંકડ, મકોડા, ચાંચડ, કીડી, કંથુઆ એ;
ગધેય્યાં, ધીમેલ રે; કાનખજૂરડા, ગીંગોડા, ધનેરિયાં એ;
એમ ત્રિઈંદ્રિય જીવરે; જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૯

માખી, મચ્છર, ડાંસ રે; મસા, પતંગિયાં, કંસારી, કોલિયાવડા એ;
ઢીંકણ, વીંછુ, તીડ રે, ભમરા, ભમરી ય, કોંતા, બગ, ખડમાકડી એ;
એમ ચૌરિંદ્રિય જીવ રે; જે મેં દુહવ્યા,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ. ૧૦

જળમાં નાખી જાળ રે; જળચર દુહવ્યાં, વનમાં મૃગ સંતાપિયા એ;
પીડ્યા પંખીજીવ રે; પાડી પાશમાં પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેંદ્રિય જીવ રે; જે મેં દુહવ્યા,
તે મુજમિચ્છામિ દુક્કડં એ. ૧૧

(ઢાળ ત્રીજી)

(દેશી : સમકિતનું મૂળ જાણીએ જી)

ક્રોધ, લોભ, ભય, હાસ્યથી જી; બોલ્યા વચન અસત્ય;
કૂડ કરી ધન પારકાં જી; લીધાં જે અદત્ત રે,
જિનજી! મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજ;
જિનજી! દેઈ સારું કાજ રે, જિનજી! મિચ્છામિ દુક્કડં આજ. ૧

દેવ, મનુજ, તિર્યંચના જી; મૈથુન સેવ્યાં રે જેહ;
વિષયારસ લંપટપણે જી, ઘણું વિડંબ્યો દેહ રે. જિ૦ ૨
પરિગ્રહની મમતા કરી જી, ભવભવ મેલી રે આથ;
જે જિહાંની તે તિહાં રહી જી, કોઈ ન આવી સાથ રે. જિ૦ ૩
રયણીભોજન જે કર્યાં જી, કીધાં ભક્ષ્ય અભક્ષ્ય;
રસનારસની લાલચે જી, પાપ કર્યાં પ્રત્યક્ષ રે. જિ૦ ૪
વ્રત લઈ વિસારિયાં જી, વળી ભાંગ્યાં પચ્ચખ્ખાણ;
કપટ હેતુ કિરિયા કરી જી, કીધાં આપવખાણ રે. જિ૦ ૫
ત્રણ ઢાળ આઠે દુહે જી, આલોયા અતિચાર;
શિવગતિ-આરાધનતણો જી, એ પહેલો અધિકાર રે. જિ૦ ૬

(ઢાળ ચોથી)
(દેશી : સાહેલડીની)

પંચ મહાવ્રત આદરો સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરો, સા૦ પાળો નિરતિચાર તો. ૧
વ્રત લીધાં સંભારીએ, સા૦ હૈયડે ધરી વિચાર તો;
શિવગતિ-આરાધન તણો, સા૦ એ બીજો અધિકાર તો. ૨
જીવ સર્વે ખમાવિયે, સા૦ યોનિ ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરી ખામણા, સા૦ કોઈશું રોષ ન રાખ તો. ૩
સર્વ મિત્ર કરી ચિંતવો, સા૦ કોઈ ન જાણો શત્રુ તો;
રાગ-દ્વેષ એમ પરિહરી, સા૦ કીજે જન્મ પવિત્ર તો. ૪
સાહમ્મિ સંઘ ખમાવીએ, સા૦ જે ઊપની અપ્રીત તો;
સજ્જન કુટુંબ કરો ખામણા, સા૦ એ જિનશાસનની રીત તો. ૫
ખમીએ ને ખમાવીએ, સા૦ એહ જ ધર્મનો સાર તો;
શિવગતિ આરાધન તણો, સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬

મૃષાવાદ, હિંસા, ચોરી, સા૦ ધન-મૂર્છા, મૈથુન તો;
ક્રોધ, માન, માયા, તૃષ્ણા, સા૦ પ્રેમ, દ્વેષ, પૈશુન્ય તો. ૭
નિંદા, કલહ, ન કીજિએ, સા૦ કૂડાં ન દીજે આળ તો;
રતિ, અરતિ, મિથ્યા તજો, સા૦ માયામોસ[૧] જંજાળ તો. ૮
ત્રિવિધત્રિવિધ વોસરાવીએ, સા૦ પાપસ્થાન અઢાર તો;
શિવગતિ-આરાધન તણો, સા૦ એ ચોથો અધિકાર તો. ૯

(ઢાળ પાંચમી)

(દેશી : હવે નિસુણો ઇહાં આવી)

જન્મ, જરા, મરણે કરી એ, એ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧
શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ, ભગવંત તો;
શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુશરણ, ગુણવંત તો. ૨
અવર મોહ સવિ પરહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો;
શિવગતિ-આરાધન તણો એ એ પાંચમો અધિકાર તો. ૩
આ ભવ, પરભવ, જે કર્યાં એ, પાપકર્મ કંઈ લાખ તો;
આતમ-સાખે નિંદિયે એ, પડિક્કમિયે ગુરુ-શાખ તો. ૪
મિથ્યામતિ વર્તાવિયા એ, જે ભાખ્યા ઉત્સૂત્ર તો;
કુમતિ-કદાગ્રહને વશે એ, વળી ઉત્થાપ્યાં સૂત્ર તો. ૫
ઘડ્યાં, ઘડાવ્યાં જે ઘણાં એ; ઘંટી, હળ, હથિયાર તો;
ભવભવ મેલી મૂકિયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬
પાપ કરીને પોષિયા એ, જન્મજન્મ પરિવાર તો;
જન્માંતર પહોંચ્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો. ૭

---

૧. કપટસહિત જૂઠું.

આ ભવ, પરભવ, જે કર્યાં એ, એમ અધિકરણ અનેક નો;
ત્રિવિધ ત્રિવિધ વોસરાવિયે એ, આણી હૃદય વિવેક નો. ૮
દુષ્કૃત-નિંદા એમ કરી એ, પાપ કર્યાં પરિહાર નો;
શિવગતિ આરાધન તણો એ, છઠ્ઠો અધિકાર નો. ૯

( ઢાળ છઠ્ઠી )

( દેશી : આદિ તું જોય ને આપની )

ધન્ય ધન્ય ! તે દિન માહરો, જિહાં કીધો ધર્મ;
દાન, શિયળ, તપ આદરી, ટાળ્યાં દુષ્ટ કર્મ. ધન્ય૦ ૧
શત્રુંજ્યાદિક તીર્થની, જે કીધી યાત્ર;
જુગતે જિનવર પૂજિયા, વળી પોખ્યા પાત્ર. ધન્ય૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવિયા, જિણહર [1]જિનચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ક્ષેત્ર. ધન્ય૦ ૩
પડિક્કમણાં સુપેરે કર્યાં, અનુકંપા, દાન;
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન. ધન્ય૦ ૪
ધર્મકારજ અનુમોદિયે, એમ વારંવાર;
શિવગતિ-આરાધન તણો, સાતમો અધિકાર. ધન્ય૦ ૫
ભાવ ભલો મન આણિયે ચિત્ત આણી ઠામ;
સમતાભાવે ભાવિયે, એ આતમરામ. ધન્ય૦ ૬
સુખદુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપે જે આચર્યાં, ભોગવીએ સોય. ધન્ય૦ ૭
સમતા વિણ જે અનુસરે, પ્રાણી-પુન્યનાં કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન્ય૦ ૮

૧. જિનગૃહ ને જિનપ્રતિમા.

ભાવ ભલી પેરે ભાવિયે, એ ધર્મનો સાર;
શિવગતિ-આરાધન તણો એ આઠમો અધિકાર. ધન્ય૦ ૯

(ઢાળ સાતમી)
(દેશી : રૈવતગિરિ ઉપર)

હવે અવસર જાણી, કરીએ સંલેખણા સાર;
અણસણ આદરીએ, પચ્ચખ્ખી ચારે આહાર;
લલુતા સવિ મૂકી, છાંડી મમતા [1]અંગ.
એ આતમ ખેલ સમતા જ્ઞાન તરંગ. ૧
ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક;
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચિયો રંક,
દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ, સુરપદ ઠામ. ૨
ધન્ય ધન્નો, શાળિભદ્ર, ખંધક, મેઘકુમાર;
અણસણ આરાધી, પામ્યા ભવનો પાર;
શિવમંદિર જાશે, કરી એક અવતાર,
આરાધન કેરો, એ નવમો અધિકાર. ૩
દશમે અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો, શિવસુખ ફળ [2]દાનાર;
એ જપતાં જાયે, દુર્ગતિ, દોષ, વિકાર,
સુપેરે એ સમરો, ચૌદ પૂરવનો સાર. ૪
જન્માંતર જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર;
એ નવપદ સરખો, મંત્ર ન કોઈ [3]સંસાર, ૫

૧. પાઠાંતર-સંગ. ૨. પાઠાંતર-ફળ સહકાર. ૩. પા૦ સાર

ઈહભાવ ને પરભવ, સુખ સંપત્તિ દાતાર.
જુઓ ભીલ, ભીલડી, રાજા, રાણી થાય,
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય;
રાણી રતનવતી એ[1], પામ્યા છે સુરભોગ,
એક ભવથી લહેશે, સિદ્ધિવધૂ સંજોગ. ૬
શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાળ,
મણિધર[2] ફીટીને, પ્રગટ થઈ ફૂલમાળ;
શિવકુમારે યોગી, સોવનપુરસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ. ૭
એમ દશે અધિકાર[2], વીર જિણેસરે ભાખ્યો,
આરાધન કેરો, વિધિ જેણે ચિત્તમાં રાખ્યો;
તેણે પાપ પખાળી, ભવભય દૂરે નાખ્યો,
જિન વિનય કરંતા, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮

(ઢાળ આઠમી)

(દેશી : નમો ભવી ભાવશું એ)

સિદ્ધારથરાય કુળતિલો[3] એ, ત્રિશલામાત મલ્લહાર[4] તો,
અવનિતળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર.
જયો જિન વીરજી એ. ૧

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો;
તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર. જયો૦ ૨
આશ કરીને આવિયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ? જયો૦ ૩

૧. પાઠાંતર એહુ. ૨. પા૦ ફણિધર. ૩. કુળ-તિલક ૪. પુત્ર.

કર્મ અલુંચણ આકરાં એ, જન્મ-મરણ જંજાળ નો;
હું છું એહથી ઉભગ્યો એ, છોડવવો [1]દીનદયાળ. જયો૦ ૪

આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ નો;
તૂઠો જિન ચોવીશમો એ, પ્રગટ્યા પુન્ય કલ્લોલ. જયો૦ ૫

ભવભવ વિનય તુમારડો એ, ભાવભક્તિ તુમ પાય નો;
દેવ! દયા કરી દીજિયે એ, બોધબીજ સુપસાય. જયો૦ ૬

## પ્રશસ્તિ-કળશ

[2]એમ તરણતારણ, સુગતિ-કારણ, દુઃખનિવારણ જગ જયો;
શ્રી વીર જિનવર-ચરણ થુણતાં, અધિક મન ઊલટ થયો, ૧

શ્રી વિજયદેવસૂરીંદ પટધર, તીર્થ જંગમ ઈણિ જગે;
તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ[3] તેજે ઝગમગે.

શ્રી હીરવિજયસૂરિ-શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરુ સમો;
તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિન ચોવીશમો. ૩

સય સત્તર સંવત ઉગણત્રીશે, રહી રાંદેર ચૌમાસ એ;
વિજયાદશમી વિજય-કારણ, કીધો ગુણ અભ્યાસ એ. ૪

નરભવ-આરાધન સિદ્ધિ-સાધન, સુકૃત લીલવિલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુણ્યપ્રકાશ એ. ૫

---

૧. પાઠાંતર દેવદયાળ. ૨. પા૦ ઇહ. ૩. પા૦ સૂર્યતેજે.